## સુરત મહાનગરપાલિકા
## સેન્ટ્રલ ઝોન
## શોર્ટ ટમ કોટેશન નોટીસ નં.–સેન્ટ્રલ ઝોન સ્ટ્રીટ લાઈટ નંબર–૨
## સેન્ટ્રલ ઝોન/એન્જી/આઉટ/૪૩૦૭ તા.૦૭.૧૨.૨૦૨૩

**વિષય :–** સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ મેઈન રોડ ઉપર સેન્ટર લાઈનમા આવતા હયાત સ્ટ્રીટલાઈટ પોલો ઉપર તેમજ સેન્ટ્રલ ઝોનમા સમાવિષ્ટ હયાત બ્રીજો ઉપરના હયાત લાઈટ પોલો ઉપર આગામી ઉતરાયણના તહેવાર–૨૦૨૪ નિમિત્તે MS બાઈન્ડીંગ વાયર બાંધવાની તેમજ ફરીથી કાઢી નાખવાની કામગીરી .

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ મેઈન રોડ ઉપર સેન્ટર લાઈનમા આવતા હયાત સ્ટ્રીટલાઈટ પોલો ઉપર તેમજ સેન્ટ્રલ ઝોનમા સમાવિષ્ટ હયાત બ્રિજો ઉપરના હયાત લાઈટ પોલો પર ઉતરાયણના તહેવાર–૨૦૨૪ નિમિત્તે MS બાઈન્ડીંગ વાયર બાંધવાની કામગીરી માટે આ પ્રકારના કામના જાણકાર અને અનુભવી ઈજારદાર, રસ ધરાવતા હોય તો તેઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૧૩/૧૨/૨૦૨૩, સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં નીચે સહી કરનાર અધિકારીને લેખિત ભાવપત્રક સ્ટ્રીટલાઈટ વિભાગ, મુગલીસરા, રૂમ નં. ૧, સુરત મહાનગરપાલિકા, સુરત ખાતે રજુ કરશો. મુદત વિત્યા બાદ કોઈપણ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી.

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ હયાત બ્રીજો પર ઉતરાયણના તહેવાર નિમિત્તે હયાત લાઈટ પોલ પર વાયર બાંધવાની કામગીરી કામે લેખિત ભાવપત્રક સાથે બાનાની રકમ માટે "કમિશ્નર" સુરત મહાનગરપાલિકાના નામનો સુરત સ્થિત રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ / પે ઓર્ડર સાથે રજુ કરશો. બાનાની રકમ વગરનું ભાવપત્રક રદ થવાને પાત્ર છે.

## નોંધ :–

અંદાજીત રકમ :– રૂા.૭૫,૦૦૦/–

સમયમર્યાદા :–૧૦ દિવસ

| અ.નં. | કામની વિગત | માલ સામગ્રીનો જથ્થો (અંદાજીત રનીગ મીટર) | ભાવપ્રતિ મીટર (WITHOUT GST) રૂા....પૈ. | કુલ રકમ રૂા....પૈ |
|---|---|---|---|---|
| | | **A** | **B** | **C = A X B** |
| 1 | Binding & Removal of 2 mm dia M.S. Wire at Street light Pole situated on different roads & bridges in central zone Surat Municipal Corporation area, Surat. | 30,000 | | |

## <u>શરતો</u>

(૧) સદરહુ કામગીરીમાં વાયર લગાડવાની અને કાઢવાની તથા તેને આનુસાંગિક કામગીરીઓ માટે વધારાની કોઈ રકમ ચૂકવવામાં આવશે નહી અને આ સાથે સામેલ કરેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) ઉપરોકત ભાવપત્રક મંજુર થયેથી, વર્કઓર્ડરમાં જણાવેલ તારીખથી કામગીરી શરૂ કરી ૧૦ દિવસમાં પુરી કરવાની રહેશે. આ કામ નિયત સમયમર્યાદામાં પુર્ણ થાય તે અંગે ખાસ તકેદારી રાખવાની રહેશે. જેથી તે મુજબની કામની પ્રગતિ અચુક રાખવા નોંધ લેશો.

(૩) ઈજારદારે પોતાને કરવાની કામગીરીની સંપુર્ણ જાણકારી સ્થળ નિરીક્ષણ કરી મેળવી લેવાની રહેશે.

(૪) આ પત્ર મળ્યેથી કામ શરૂ કરવા માટે કામની લાઈન/માર્ગદર્શન સલાહ– સુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેર/જુની. ઈજનેરનો સંપર્ક સાધવા નોંધ લેશો.

(૫) કોઈપણ ઓફર/ભાવ સ્વીકારવા કે રદ કરવા માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

(૬) અસફળ કામગીરી સામે ઈજારો ટર્મીનેટ કરવાનો અધિકાર મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે. અને ઈજારદારે બાનાની રકમ તરીકે ભરેલ રકમ પરત ન કરતાં જપ્ત કરવામાં આવશે.

(૭) કામગીરી દરમ્યાન ટ્રાફીકને અવરોધ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે. તદઉપરાંત જરૂરીયાત જણાયે ડે.ઈજનેરશ્રી /જુની.ઈજનેરશ્રી સાથે પરામર્શ કર્યા બાદ, કામગીરી દરમ્યાન બ્રીજને વાહનવ્યવહાર સારૂ બંધ કરવા માટે પુરતી મજબૂતાઈનું જરૂરિયાત અનુસારનું બેરીકેડીંગ સ્વખર્ચે કરી સલામતીના તમામ પગલાઓ લેવાના રહેશે.

(૮) કામગીરી દરમ્યાન બ્રીજનાં હયાત બાંધકામને નુકશાન કે તુટફુટ ન થાય તે રીતે કામગીરી કરવાની રહેશે તેમ છતાં આકસ્મિક રીતે હયાત બાંધકામને નુકશાન થશે તો તેવા સંજોગોમાં ઈજારદારે સ્વખર્ચે તમામ રીપેરીંગ કરવાનું રહેશે. જેનું સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈપણ ચુકવણું કરવાનું રહેશે નહી.

(૯) કામગીરી દરમ્યાન બ્રીજ પર કે બ્રીજ નીચે ચાલતા વાહન વ્યવહારને નુકશાન / અકસ્માત ન થાય તે બાબતની પુરતી તકેદારી રાખી સલામતીનાં તમામ પગલા લેવાનાં રહેશે.

(૧૦) ઈજારદારના કામદાર/કર્મચારીઓને કોઈ અકસ્માત થાય કે ઈજા થાય તેની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે અને તમામ સલામતીના પગલાં લેવાના રહેશે.

(૧૧) ઈજારદાર બ્રીજ પર બાંધવામાં આવેલ વાયરોને સ્વખર્ચે દૂર કરવાના રહેશે. વાયરો દૂર થયા બાદ જ બીલ ની ચુકવણી કરવામાં આવશે.

(૧૨) લાઈટ તથા પાણીની વ્યવસ્થા ઈજારદારે સ્વખર્ચે કરવાની રહેશે.

(૧૪) સદર કામ શરૂ કરતી વખતે સ્થળ ઉપર કામ કરતા કામદારો/મજૂરોમાં બાળમજૂરો કામે રાખવા નહીં. જો સદર કામમાં બાળ મજૂરો કામે રાખશો તો તે અંગેની ઉપસ્થિત પરિસ્થિતિની તમામ જવાબદારી એકમાત્ર ઈજારદારની રહેશે. તેમ છતાં બાળ મજૂરો રાખવામાં આવશે તો રૂા.૨૦,૦૦૦/– વસૂલ લઈ ચાઈલ્ડ રીહેબીલીટીટેશન–કમ–વેલ્ફેર ફંડ ખાતે કલેકટરશ્રીને જમા કરાવવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

(૧૫) ઈજારદારશ્રીએ સરકારશ્રીના પ્રવર્તમાન કાયદા તથા નિયમોને ચુસ્ત પણે અનુસરવાનું રહેશે.

(૧૬) કોન્ટ્રાકટર મુજબ (નિયમ અને નાબુદી) અધિનિયમ – ૧૯૭૦ :–
પ્રવર્તમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવું જરૂરી હોય તો તે અંગે અત્રેની કચેરીના સેકશન ઓફિસરશ્રીને રૂબરૂ મળી લાયસન્સ મેળવી લેવા માર્ગદર્શન મેળવી અને તે અંગે જરૂરી લાયસન્સ મેળવી તમોને સુપ્રત કરેલ કામગીરી ચાલુ કરવી, તેમ છતાં તે મેળવ્યા સિવાય જો આ કામગીરી ચાલુ કરવામાં આવશે, તો તે સામે ઉભા થનાર સંભવિત સર્વાંગી જવાબદારી તમારા શીરે રહેશે. જેની પણ આથી સ્પષ્ટ નોંધ લેશો.

(૧૭) ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ અને પાનકાર્ડની ની પ્રમાણીત નકલ ભાવપત્રક સાથે આપવાની રહેશે.તથા ભાવપત્રકમાં ભાવ GST સિવાયના ભરવાના રહેશે.

SD (05/12/2023)
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

**ન.ર.:–**

(૧) ટેન્ડર કલાર્ક, સેન્ટ્રલ ઝોન પ્રતિ.....જાણ તથા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા બાબત.

(૨) એકઝીક્યુટીવ આસીસ્ટન્ટશ્રી, આઈ.એસ.ડી.પ્રતિ..... સુ.મ.પા.ની વેબસાઈટ પર પ્રેસ સેકશનમાં પ્રસિધ્ધ કરવા અર્થે

(૩) મુખ્ય હિસાબનીશશ્રી પ્રતિ....જાણ તથા ઘટીત કાર્યવાહી માટે